

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સત્તાના મોહમાં, લીધી ટિકિટ મોંઘીને વેંચાતી !*
*મળી નહીં બહુમતિ ને આવક રહી ખેંચાતી !*
*મિંચાતી રહી આંખ, ને પક્ષમાં પૂછાતો ન ભાવ*
*ત્યાં મળી ગઈ તક ને મારી દીધી ગૂલાંટ ઓચિંતી !*
*(ઘસાતી કોંગ્રેસ)*

**હાઈકુ**

*'દેશની સેવા'*
*થઈ ગયો છે ધંધો -*
*રાજકારણે !*

*રાજનીતિમાં*
*કોઈ, કોઈનું નથી -*
*યુતિ સ્વાર્થની...*

### ચિંતન

*ઉત્ ક્રામાતઃ પુરુષઃ ભાવ પત્થા મૃત્યોઃ પડ્વાશમવસજજમાનઃ ।*
*મા ચ્છિત્થા અસ્માલ્લોકાદગ્નેઃ સૂર્યસ્ય સંદેશઃ ॥*

**ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.**

**હે મનુષ્યઅયો ! તમારે વર્તમાન અવસ્થાથી જ સંતુષ્ટ થઈ જવું જોઈએ નહિ. તમારે આગળ વધવાનું છે અને શરીર તથા આત્મબધ વડે પુરુષાર્થ કરવાનો છે.**

**આપણે સૂર્ય દેવતાને આપણો આદર્શ બનાવવો જોઈએ. સૂર્ય દરેક પડ, દરેક ક્ષણે સતત પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે. બધાને પ્રકાશ, તાપ અને ઊર્જાની સતત સહાયતા કરતો સૂર્ય ગંદકીને સૂકવીને નષ્ટ કરવાના કામમાં પૂર્ણ આત્મબળથી સંલગ્ન છે. લગાતાર પુરુષાર્થના રસ્તા ઉપર આગળ વધવા છતાં થંભવાનું નામ લેતો નથી. એને પોતાનો કોઈ સ્વાર્થ નથી.**

**જેનું આત્મબળ મજબૂત હોય તે જીવનના આદર્શો અને સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે. સૂર્યની જેમ સતત પ્રયત્નસીલ રહેવામાં જ જીવન છે. આ જ મનુષ્યમાત્રનો ધર્મ છે.**

### સુવિચાર

- સબ્ર કર બન્દે, મુસીબત કે દિન ગુજર ઝાયેંગે,
  આજ તો તુઝે દેખકર હંસતે હૈ, વો કલ તુઝે દેખ તે રહ જાયેંગે - **પ્રિતમ પાલીવાલ**
- મને તૈયાર જીભ કરતાં, તૈયાર હાથ આપો - **ગેરીબાલ્ડી**
- જો તમારીપાસે જ્ઞાન હોય તો બીજાઓને એમની
  મીણબત્તીઓ એનાથી પેટાવવા દેજો - **સિસ્ટર માર્ગારિટ**
- આત્મવિશ્વાસ એ વીરતાનો અર્ક છે - **એમર્સન**
- જે સર્વોત્તમ માણસો પ્રશંસા ને પાત્ર છે, તેઓ જ નિંદા સહન કરી શકે છે - **એલેકઝાંડર પોપ**
- દેહને નમસ્કાર કરવાથી સંસાર મળે અને ચૈતન્યને નમસ્કાર કરવાથી મોક્ષ મળે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : ગોળ, તાજુ આદુ સિંધવ અને લીંબુનો રસ પીસીને ચટણીની જેમ ખાવાથી અજીર્ણ દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મારવાડમાં સંત મોરારિદાસનો મુકામ જોધપુરમાં હતો. એકવાર તેઓ એમના શિષ્યો સાથે જોધપુરમાં આંટો મારવા નીકળ્યા હતા. ત્યાં એમના કાને એક અવાજ પડ્યો જેમાં કહેવાયું 'પ્રભુનો મહાપ્રસાદ છે. મારા જેવા નાના માણસોને ત્યાં પ્રસાદ લેવા પધારજો' મોરાદિસ દાસનું ભાવિક હૃદય એ બાજુ ખેંચાયું. તેઓ પેલા બોલાવનાર ચમારના ઘરે ગયા અને ચમારવાસના પેલા ભક્તના ફળિયામાં બેસીને પ્રસાદ લીધો. આ વાતની જાણ જોધપુરના રાજા ગજસિંહને થઈ. એમણે મોરારિદાસને દરબારમાં બોલવી કહ્યું, 'આપ જોધપુરના એક સાચા જ્ઞાની સંત છો અને તમે ચમારને ત્યાં પ્રસાદ લીધો તે શું સાચું છે ?' મોરારિદાસે નિર્ભયતાથી જવાબ આપ્યો, 'રાજન !' ભગવત્ પ્રાદ તો ગમે ત્યાંથી લઈ શકાય છે. એનો આદર ન થાય. ભગવાન ના ભક્તોમાં, વર્ણભેદ ન હોય, ગમે તેવા અપરાધો પણ પ્રભુભક્તિથી ધોઈ શકાય છે, પછી પ્રભુ પ્રસાદ આરોગવામાં કોઈ દોષ નથી. ગજસિંહે કહ્યું, 'ગુરુદેવ, તમે વિશુદ્ધ ભાવનાથી પ્રસાદ લીધો છે, તે હું સમજી શકું છું, પરંતુ તમારા આ આચારથી લોકલાગણી દુભાઈ છે. ગમે તેવું શુદ્ધ કાર્ય હોય પણ લોકાચારથી વિરુદ્ધ હોય તો એ ન કરવું એ સૂત્ર આપ કેમ ભૂલી ગયા?' મોરારિદાસે કહ્યું, 'રાજન, લોકોનું મંતવ્ય સાચે જ જો આવું હોય તો આવી ભેદભાવવાળી વિચાસરણી ધરાવતા સમાજ વચ્ચે મારે રહેવું નથી. માટે માટે તો બધી ભૂમિ ગોપાલની છે.' આવું કહીને સંત મોરારિદાસ લોકરૂઢિનાં બંધન જયાં આવે ન આવે તેવા પ્રદેશમાં ચાલ્યા ગયા.

# ડિપ્રેશન : કળિયુગનો કાળોતરો

**તંત્રીસ્થાનેથી...**

આશાસ્પદ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની અકુદરતી વિદાયથી કોરોનાગ્રસ્ત માયાનગરી સહિત દેશ આખામાં આઘાતનું મોજું ફરી વળ્યું છે. આપણે આટલાં સંવેદનશીલ છીએ એની પમ આ કરુણાંતિકા એ પ્રતીતિ કરાવી છે તો બીજી તરફ માણસ એના સંકટના સમયમાં કોઈ હૂંફ માટે વલવલતો હોય ત્યારે એની સામે નજર કરવાનીય આપણને ફુરસદ નથી હોતી એ હકીકત પણ આ યુવાનની ટૂંપાઈ ગયેલી જિંદગીની કઠોર વાસ્તવિકાત જાણ્યા પછી ઉજાગર થતી જોવા મળે છે. જીવનથી વધારે મૂલ્યવાન કશું હોઈ શકે ખરું ? માનવી જ નહીં, નાનકડી કીડી પણ મોતથી બચવા છેલ્લામાં છેલ્લા પ્રયત્નો કરતી હોય છે. મૃત્યુ એ જીવન માત્રની નિયતી છે, એ શાશ્વત સત્ય છે, પરંતુ અપમૃત્ય જેવી કોઈ દુઃખદ ઘટના ન હોઈ શકે. 'કોઈપો છે' થી લઈ 'ધોની' સુધીની સફળ ફિલ્મોના નાયક તરીકે ફરજ બજાવી શરૂથી જ વિશિષ્ઠ ઑફબીટ અભિનેતાની નામના હાંસલ કરનારા મૂળ બિહારી બાબુને પોતાની જિંદગી અને કારકિર્દી આમ અધવચાળે ટૂંપાવી દેવી પડશે એવી તો કલ્પના પણ ક્યાંથી હોય ! એન્જિનિયર બનતાં બનતાં એ ઍકટર બની ગયો અને બોલીવુડમાં રાતોરાત ઊંચકાયો પણ ખરો. પરંતુ એ પછી એનો થવો જોઈએ એવો સ્વીકાર ન થયો. ટેલેન્ટેડ ઍકટર તરીકે નામ ગાજ્યું પણ મહેશ ભટ્ટ જેવા નિર્માતાએ એને નિરાશ કર્યો. હતાશ ઍકટરને કોઈ ખભો જોઈતો હતો જેના પર માથું ઢાળીને એ દૂંટીનું દર્દ આંસુ સ્વરુપે વહાવી શકે. એવો ખભો પણ પ્રિયતમાએ ત્યજી દીધો એટલે છીનવાઈ ગયો. એકલો અટૂલો, આખી ઈન્ડસ્ટ્રીથી કપાઈ ગયેલો હોનહાર અભિનેતા લોકડાઉનને કારણે એની હતાશાની વાત કરવા ન તો મનોચિકિત્સક પાસે જઈ શક્યો કે ન કોઈ મિત્ર પાસે પહોંચી જઈ હળવો થઈ શક્યો. આખરે જે અઘટિત ઘટના બનવાની હતી તે ઘટીને જ રહી. ડિપ્રેશનના અંતિમ સ્ટેજમાં માનવીને પોતાની જિંદગી અળખામણી લાગવા માંડે છે. એને પોતાની હયાતી જ ભારરૂપ લાગતી હોય છે. એવા સકંજામાં સપડાઈ ગયો હોય છે કે નકારાત્મકતાના એ ઊંડા અવાવરું કૂવામાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે. આખરે એને બધાં દુઃખોનો અંતિમ ઉકેલ આત્મહત્યામાં જ વરતાય છે. વિશ્વની અનેક મહાન વિભૂતિઓ જે પૈકી કેટલાક તો રાષ્ટ્રના વડા તરીકે રહી ચૂક્યા હતા અને કેટલાક ને નોબેલ ઈનામ જેવું બહુમાન સાંપડ્યું હતું - આપઘાત કરીને જિંદગી ટૂંપાવી ચૂક્યા હોવાના દાખલા છે. મૃત્યુનાં સૌથી અગત્યનાં ચાર કારણોમાં ડિપ્રેશનથી થતા આપઘાતનો સમાવેશ થાય છે. હૃદયરોગનો હુમલો, કૅન્સર અને માર્ગ અકસ્માતની લગોલગ આ દેખીતી રીતે મરવાની જરૂર નથી લાગતું કારણ રોજેરોજ લાખો માનવીઓની જિંદગીનો અંત આણતું રહે છે. ડિપ્રેશનમાં સરી જવું એ કોઈ શરમજનક બાબત નથી. સંવેદનશીલ વ્યક્તિને નાના - મોટા આઘાત પછી હતાશા આવે તે સ્વાભાવિક છે. પરંતુ એવી સ્થિતિએ પહોંચ્યા પછી માણસને મૃત્યુના સકંજામાં જતો અટકાવવો તે એના કુટુંબીઓ, સ્નેહીજનો અને સમાજ ઉપરાંત સરકારની પણ ફરજ છે. માનસિક રોગીને હજી આ એકવીસમી સદીમાં પણ ડૉક્ટર પાસે જતાં શરમ આવે છે. ખરેખર તો આ યુગમાં શારીરિક રોગો કરતાં વધુ દરદીઓ માનસિક દર્દોના જ મળી રહે એમ છે. આપણે આ મુદ્દે ક્યારેય ગંભીરતાપૂર્વક વિચારતા જ નથી તે કેવી કમનસીબી છે ! લોકડાઉન અને કોરોનાની કાલ્પનિક બીકને કારણે પણ માનસિક રોગોમાં ઉછાળો આવ્યો જ હોય. આર્થિક કારણોસર અને પરીક્ષા સહિત બીજી ઘણી બાબતોમાં મળતી નિષ્ફળતાઓને કારણે આપઘાતની ઘટનાઓ બનતી રહે છે. પ્રેમમાં દગો અને નિષ્ફળતા અથવા પ્રેમીઓનો સમાજ દ્વારા થતો અસ્વીકાર આવી અનેક દુર્ઘટનાઓના મૂળમાં હોય છે. ડિપ્રેશન કળિયુગનો કાળોતરો છે એને નાથવા માટેની કૃષ્ણચેતના જગવીએ.

# બા, તમારે તમારા જમાઈની નોકરાણી બનવું હોય તો જરૂરથી આવી જાવ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

'સાંભળ મેં તારી બા ને ફોન કરી દીધો છે. તે અહીં આવવા તૈયાર છે. તું પણ એકવાર ફોન કરી વાત કરી લે' અજયે કહ્યું.

'બા પણ કંઈ સમજતાં જ નથી. તેમને ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની બિમારી છે, આટલી લાંબી મુસાફરી એ કઈ રીતે કરશે ?' અનીતા પોતાની માં બાબતે ચિંતિત થઈ ગઈ.' એના કરતાં એણ કરો તમે મમ્મીને બોલાવી લો, એ વધારે ઠીક રહેશે.'

'તારું મગજ તો ઠેકાણે છે ને ?' અજય ગુસ્સો થઈ ગયો. મારી માં પાસે તું તારી સેવા કરાવીશ?' હું મારી આંખ સામે મારી માં ને કામ કરતાં નહીં જોઈ શકું.

'અને મારી બાને કામ કરતાં જોઈ શકો ખરું ને?'

'હાં, ચૂપચાપ તારી બાને ગામડેથી બોલાવી લે.' તારા માટે એ જ ઠીક રહેશે.' કહી અજયે ઓફીસે જતો રહ્યો.

અનીતા પરેશાન થી ગઈ. તે પ્રેંગ્નેન્ટ થઈ ત્યારથી અજય તેની બાને બોલાવવા માટે તેના પર દબાણ કરવા લાગ્યો. જેથી તેને વધુમાં વધુ આરામ મળી શકે. પરંતુ અનીતા પોતાની ઘરડી બિમાર બા ને બોલાવવા માંગતી ન હતી. બા પોતાની તબિયત જાળવશે કે તેને સંભાળશે, ડિલિવરીના સમયે ભાભી કે દીદીને બોલાવી લેશે. એમ તેણે વિચાર્યું હતું.

તે વિચાર કરતી હતી ત્યાં બાનો ફોન આવ્યો. જમાઈ એ શહેરમાં તેમનો પોતાની પાસે બોલાવ્યા છે એ કારણે તે ખુશ હતા.

'બા, તમે અહીં આવવાનું નક્કી કરી જ લીધું છે ?' અનીતાએ ગંભીરતાપૂર્વક પૂછ્યું.

'હાં બેટા, જમાઈ રાજા બોલાવે છે, એટલે આવવું જ પડે ને ! મેં મારાં કપડાંની બેગ તૈયાર કરી દીધી છે.' બા એ રાજી થતાં કહ્યું.

'તમારી તબિયત...'

'દીકરી એ બધું તો ચાલતું રહેવાનું.'

'તમે ચોવીસ કલાકની મુસાફરી કરી શકો એમ લાગે. પહેલં એ નક્કી કરજો.'

'બેટા, મને એવું લાગે છે કે તું તારા ઘેર મને આવવા દેવા માંગતી નથી.' બા એ ગુસ્સામાં કહ્યું.

'ના', બા એવી વાત નથી.

'બા, તમારે તમારા જમાઈની નોકરાણી બનવું હોય તો જરૂરથી આવી જાવ.'

દીકરી, હું સમજી ગઈ. તું ચિંતા ન કર. હું જમાઈને મારા ન આવવાનું કંઈ નો કંઈ બહાનું બતાવી દઈશ. બા એ દીકરીનો ફોન પર આશીર્વાદ આપી ન્યાલ કરી દીધી.

# જોજો, એ વાત બહાર જાય નહીં



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક હોનહાર અભિનેત્રી. એ અભિનેત્રીને આપણે 'ફેશન આઈકોન' પણ કહી શકીએ. એ અભિનેત્રીની 'હેર સ્ટાઈલ' તેના નામથી જ વખણાતી અને યુવતિઓ એ પ્રકારની 'હેર સ્ટાઈલ' રાખવા માટે પાગલ થતી. તેની જ એક સહેલી અભિનેત્રીનાં કહેવા મુજબ હિન્દી ફિલ્મ ઉધોગનાં લતાજીએ ગાયેલા કેટલાક 'માસ્ટર પીસ' કહી શકાય એવા ગીતો એ અભિનેત્રી ઉપર 'પીકચરાઈઝ' થયા છે. 'વો કોન થી', 'મેરા સાયા', 'મેરે મહેબૂબ', 'રાજકુમાર', 'વક્ત' અને 'આરઝૂ' જેવી સફળ ફિલ્મો આપનાર એ અભિનેત્રી એટલે સાધનાજી. હિન્દી ફિલ્મ ઉદ્યોગની ઈમારતના એક પાયાના સ્તંભમાં જેની ગણતરી થાય છે એવી અભિનેત્રી સાધનાજીનું ૨૫ ડિસેમ્બર, ૨૦૧૫ ના રોજ ચિમોતેર વર્ષની ઉંમરે મૃત્યુ થયું હતું.

સાધનાજીના અંતિમ દિવસો ખૂબ જ કષ્ટદાયક અને દર્દભર્યા પસાર થયા હતા. સાધનાજીનું મૃત્યુ કોઈ એક બિમારીથી થયું હતું. એ બિમારી વિષે ઘણીબધી અટકળો થાય છે. સાચું કારણ તેમની ખૂબ જ નજીકની વ્યક્તિઓ, જે ખૂબ ઓછી હતી તેઓ જ જાણે છે. તેમને શ્રધ્ધાંજલી આપતા કેટલીક નજીકની વ્યક્તિઓએ એવી લાગણી વ્યક્ત કરી હતી કે સાધનાજીના અંતિમ દિવસોમાં ફિલ્મ ઉધ્યોગના લોકોએ પોતાના મોઢા ફેરવી લીધા હતા. તેમના પ્રશંશકોનો વ્યવહાર પણ એવો જ રહ્યો હતો.

સાધનાજીનાં મૃત્યુ પછી તેમને શ્રદ્ધાંજલી આપતો એક રેડીયો કાર્યક્રમ એફ.એમ. ૯૨.૭ ઉપર રજૂ થયો હતો. 'સુહાના સફર વીથ અનુ કપૂર' કાર્યક્રમ અંતર્ગત સાધનાજીને શ્રદ્ધાંજલી અર્પતા એ કાર્યક્રમમાં અનુકપૂરે સાધનાજીની કેટલીક નજીકની વ્યકિતઓ સાથે વાતચીત કરી હતી અને સાધનાજીની કેટલીક અજાણ વાતો શ્રોતાઓ સુધી પહોંચાડતી હતી. સાધનાજીની એ નજીકની વ્યકિતઓમાંથી એક વ્યકિત હતી ખ્યાતનામ અભિનેત્રી સારિકાજી.

સારિકાજીએ સાધનાજી સાથે 'વંદના' નામની એક ફિલ્મમાં અભિનય પણ કર્યો હતો અને તેમની સાથે નજીકનાં સંબંધો હતા. સારિકાજીના કહેવા પ્રમાણે સાધનાજી તેમના તો મિત્ર હતા પણ સાથે સાથે સારિકાજીના બાળકો ઉપર પણ સાધનાજીનો ખૂબ મોટો પ્રભાવ હતો.

સાધનાજીનું મૃત્યુ કઈ બીમારીથી થયું તેના વિષે ઘણી ઘણી અટકળો ચાલતી જ હતી. સારિકાજી તેમની ખૂબ જ નજીક હતા એટલે તે તેમની બીમારી વિષે જાણતા હોય એવા અનુમાન સાથે એ કાર્યક્રમ દરમ્યાન એન્કર અનુ કપૂરે સારિકાજીને એક પ્રશ્ન પૂછ્યો કે શું સાધનાજી કેન્સરનાં રોગથી પીડાતા હતા? શું તેના થકી તેનું મૃત્યુ થયું હતું ?

સારિકાજીએ અનુ કપૂરના એ પ્રશ્નનો ઉત્તર તો ના આપ્યો પણ અનુકપુરનાં પ્રશ્નનાં ઉત્તરમાં સારિકાજીએ ખૂબ જ સ્વસ્થતાથી એવી વાત કરી કે પોતે સાધનાજીનાં સ્વાસ્થ્ય અને તેની નાણાકીય બાબતમાં કઈજ ચર્ચા કરવા નથી ઈચ્છતા. તેમણે એવો સ્પષ્ટ અભિપ્રાય પણ આપ્યો કે તેમના મૃત્યુ પછી એવી ચર્ચા કરવી પણ ન જોઈએ. તેમણે એવું પણ સ્પષ્ટ રીતે કહ્યું કે તેમની બીમારી, નાણાકીય બાબત કે તેમના અંગત જીવન વિષે કોઈ પ્રકારની ચર્ચા કરે એ સાધનાજીને પણ ન ગમતું. એ બાબત તેમની ખાનગી હતી અને તેને ખાનગી ન રાખવી જોઈએ. પછી તો અનુ કપૂરે પણ એવી કહ્યું કે તેના વ્યક્તિગત જીવનની હકીકતોને ખાનગી રાખવાની તેમની ઈચ્છાનું આપણે સન્માન પણ કરવું જોઈએ એવું હું દ્રઢપણે માનું છું.

સાધનાજીનાં મૃત્યુ પછી શ્રદ્ધાંજલી રૂપે એક અખબારે લીધેલા કેટલાક ઈન્ટરવ્યુનો હવાલો આપતા સારિકાજી કહ્યું કે લોકોએ જો મિત્રતા નિભાવવી જ હોય તો વ્યકિતના મૃત્યુ પહેલા નિભાવવી જોઈએ. વ્યકિતને જે કઈ સાથ-સહકાર આપવો હોય એ જીવતા હોય ત્યારે આપવો જોઈએ. વ્યકિતને ખરેખર મુશ્કેલી હોય ત્યારે સાથ-સહકાર આપવો જોઈએ. વ્યકિતના ગયા પછી, તેનાં મૃત્યુ પછી વાતો કરવાનો શું અર્થ? વહીદા રહેમાન, હેલન, આશા પારેખનાં સાધનાજી સાથેનાં સારા સંબંધો હતા અને એ સંબંધોની સારીકાજીએ સરાહના કરી હતી.

આમ સાધનાજી વિષેની સારિકાજીની વાતચીત ઉપરથી માનવીય સંબંધો અને સંબંધો થકી ઉઠતી માનવીય સંવેદનાઓને ઝણઝણાવી મૂકે એવી કેટલીક વાતો સરળ રીતે પણ સચોટ રીતે અભિવ્યક્ત થઈ.

આપણે આપણાં કુટુંબ સિવાયની પણ કેટલીક વ્યક્તિઓ સાથે અંગત સંબંધો ધરાવતા હોઈએ છીએ. આપણી સાથેનાં એ અંગત સંબંધોના નાતે એ વ્યકિતઓ પોતાની નાણાકીય બાબતો, પોતાના સ્વાસ્થ્યને લગતી બાબતો, વ્યકિતગત કે અંગત જીવનને લગતી કેટલીક વાતો અને હકીકતો આપણને કહેતી હોય છે. તેઓ કોઈને ના કહી હોય એવી પોતાની અંગત વાતો આપણને એટલા માટે કહેતી હોય છે કે તેઓને આપણામાં દ્રઢ વિશ્વાસ હોય છે કે તેમની વાત આપણાં થકી ક્યાંય બહાર નહીં જાય. અંગત વાતો કહેવાનું બીજું કારણ એ હોય છે કે તેઓ પોતાની અંગત વાત કરીને પોતાના હદયનો ભાર હળવો કરતી હોય છે. પોતની અંગત વાત કહીને મદદ માંગવાનો ઈરાદો ભાગ્યે જ હોય છે. આમ, આપણાં ઉપર પૂરો ભરોસો રાખીને આપણાં અંગત સંબંધીઓ કે મિત્રોએ પોતાની જે કઈ વાત આપણને કરી હોય તેને તેમનાં જીવન દરમ્યાન કે તેમના મૃત્યુ પછી કોઈપણ પ્રકારના કારણ વિના જાહેર કરી દઈએ તો તેનાથી મોટો વિશ્વાસભંગ કયો હોય શકે?

(ક્રમશઃ)

# શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરતા પહેલા લાખ વાર વિચારજો



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૃથ્વીવાસી લોકોના પુષ્કળ અનિચ્છનિય બુરા કર્મોની સજા હાલમાં પ્રત્યેક માનવી ભોગવી રહ્યો છે અને આ કોરોનાનો કહેર પ્રતિદિન વધતો જ જાય છે. લોકડાઉન તદ્દન લોક રહ્યું ના હતું તો અનલોક-૧ શરૂ કરવું એ પણ સરકારશ્રી માટે અર્થતંત્ર માટે અતિ આવશ્યક હતું તેથી છૂટ બધી આપવમાં આવી પરંતુ આજનો માણસ તદ્દન બેજવાબદાર બનીને ફરી રહ્યો છે તેથી જ આ મહામારી ઉપર અંકુશ આવતો નથી ! સરકારે તો જે કંઈ જીવન બચાવાના ખુબ સાવચેતી માટેના ઉપાયો હોય તે જાહેર કર્યા. મીડિયામાં વારંવાર પ્રકાશિત કરાઈ રહ્યું છે છતાં વર્ષો જૂની જીવન પદ્ધતિમાં એક નાનો સરખો ઉપાય - સોશિયલ અંતર રાખવામાં નિષ્ફળ જઈ રહ્યા છીએ. બીજું માસ્ક માત્ર દંડથી બચવાનું સાધન નથી તેનો ઉપયોગ જીવનરક્ષક તરીકે જ આપણે કરી હ્યા છીએ તેમાં પણ ખૂબ કચાશ જોવા મળે છે. પ્રતિદિન સંક્રમિત લોકો અને મોત વધતા જાય છે ત્યારે બધાના મનમાં હવે ઉચાટ તથા ડર વ્યાપક બની ગયો છે. ડરવું જરૂરી હોય ત્યાં બહાદુર થવાના વલણમાંથી હવે તો બહાર નીકળો !! કોરોનાની કોઈ વેકસીન કે દવા નથી અને તેવું કરવાથી પુષ્કળ લોકોના મોતનું કારણ બનીએ એ પણ શક્ય છે. જીવન કોને વહાલું નથી લાગતું ? પરંતુ તેને બચાવવાની તાલાવેલી શા માટે ગાયબ થઈ જાય છે ? જીવન હશે તો બહુ શક્ય બનશે.

મિલી હૈ અગર જિંદગી
તો મિસાલ બનકર
દિખાઈએ
વરના ઈતિહાસ કે પન્ને
આજકાલ
રિશ્વત દેકર ભી છપતે હૈ
!

હવે આ મહામારી કયારે જતી રહેશે તે અંગે નક્કર જાણકારી કોઈ આપવા સમર્થ નથી. દ્વિધાએ હજી છે કે આ વાઈરસ છે કે બેકટેરિયા અને જેણે આ પાપ કર્યું છે તે વિશ્વ સામે હાજર થાય તેમ નથી. અથવા તે ચિરનિંદ્રામાં પોઢી પણ ગયા હશે. પરંતુ લોકો એ સ્વયંની સાથે અન્યને બચાવવા જાગૃત થવું જ પડશે.

હાલ જૂનમાં મધ્ય સુધી આપણે પહોંચી ગયા છીએ ત્યારે શાળા-કૉલેજોના માલિકો કે સંચાલકોના મગજમાં કીડાઓ ઊભા થઈ ગયા છે બધાને આવક બંધ થાય તે પસંદ જ નથી. એટલે કામચલાઉ રસ્તો ઓનલાઈન એજ્યુકેશનનો શોધી કાઢ્યો છે જે માત્ર ને માત્ર ડિંડક કે તૂત છે! જે વર્ગખંડમાં બેસીને પણ સારું ભણી શકતા નથી એ મોબાઈલ ઉપર શું કરી શકે ? મોબાઈલ બાળકોને ના આપો - ની વાતો કયાં ગઈ ? ફી ભરવાનું પ્રેશર ઊભું કરાઈ રહ્યું છે બધા પાસે સારા મોબાઈલ કે સર્વસ્થાને નેટવર્ક હોય તે માનવું ભૂલ ભરેલું છે. આ ઓનલાઈન અભ્યાસનો ખ્યાલ સત્વરે છોડવો પડશે. હજી કોરોનામાં વૃદ્ધો - બીજા રોગથી પીડાતા લોકો મહદંશે પોતાનો રોલ પુરો કરી રહ્યા છે. છતાં ઘરના વડીલ મૃત્યુ પામે ત્યારે ચોક્કસ દુઃખદ હોય છે છતાં એ સત્ય સ્વીકારવું જ પડે છે પરંતુ જો શૈક્ષણિક સંસ્થાઓ ખોલવામાં ઉતાવળ કરી તો નાના ભૂલકાઓ અને યુવા વિદ્યાર્થીઓનો ભોગ લેવાશે !! છ મહિના કદાચ બંધ રહે તો રાખો કંઈ વાંધો નહીં આવે બીજા વિશ્વ યુદ્ધ બાદ જર્મની ચાર વર્ષ લોકડાઉન રહ્યું હતું તો શું એ દેશ પછાત રહી ગયો? ઓગષ્ટ ૨૦૨૦માં આયોજન છે કે શિક્ષણ કાર્ય શરૂ કરવું પણ એ અગાઉ આ કોરોનાથી તબાહી કેટલી છે અને કયું વલણ ચાલે છે તેનો અભ્યાસ કર્યા બાદ જે નિર્ણય થવો ખુબ શાણપણ કહેવાશે. આજે પરિવાર પાસે એક બે સંતાનો જ હોય છે જીવનની આર્થિક સ્થિતિથી પરિવાર કલ્યાણ સ્વયં ચાલી રહ્યું છે! જો બાળકોમાં સંક્રમણ ચાલુ થયું તો સમાજને સંભાળવો અતિ મુશ્કેલ સાબિત થશે. શિક્ષણમંત્રીને નમ્ર અપીલ છે કે આ બાબતે કોઈ ઉતાવળભર્યો નિર્ણય લેશો નહીં અને શિક્ષણ સંસ્થાઓને જણાવી દો કે ફી ઉઘરાવવા કોઈ પ્રકારના પ્રેશર ઊભા ન કરે કેમ કે પરિવારો ત્રાહિમામ થઈ જ ગયા છે. નાણાંની તંગી પારાવાર છે રાહત પેકેજમાં લોન લોન અને લોનની વાતો વધુ છે. જમીન ઉપરની હકીકતો પણ ધ્યાનમાં લેવી જ પડે ત્યાં ઉમદા વાતોતી કંઈ વળતું નથી! શિક્ષણ મોટો નફાકારક ધંધો બનાવી દીધો છે માટે હાલમાં આ ધંધાનો કમાયેલો નફો વાપરી લોકોના આશીર્વાદ કે દુવાઓ કમાઓ તો એ પુણ્ય કર્મ ઉપરવાળો નોંધશે એ નક્કી છે.

આ કોરોના નિમિત્ત છે એ સર્વ અયોગ્ય અન્યાયી કર્મોની એક મોટી સજા જરૂર લાગે છે. હાલના ધોરણ દસના પરિણામ જોયા પછી કેવું લાગે છે તે તો કહો ? શિક્ષણથી કેટલા વિમુખ થાય છીએ તેનું પ્રતિબિંબ દેખાય છે - અને કેળવણી તો સાવ મરી ગઈ કેમ કે પરિવારો તૂટી ગયા પછી આદર્શ, ઉમદા વાતો, શિખામણ - બધું તણાઈ ગયું સમયના પ્રવાહમાં. હવે માત્ર સોશિયલ મીડિયામાં ખોટા ક્ષણિક આનંદમાં અમૂલ્ય જીવનને ધક્કા મારી ચલાવાય છે. આ સ્થિતિમાં ભારતના વિદ્યાર્થીઓને આપણએ બચાવવાના જ છે ત્યાં કોઈ અન્ય સમીકરણો ને જીતવા દેશો નહીં એવી નમ્ર દર્દભરી અપીલ છે. વાલીઓ પણ મોટાઈ પ્રદર્શિત કરવાના બદલે યોગ્ય આયોજનમાં સહયોગ કરે એ પણ ખુબ આવકાર્ય છે. ઈશ્વર બધાને કુશળ રાખે.

**શેર આસ્વાદ :**
**જૂનુન થા કિસી કે દિલ મેં જિંદા રહેને કા**
**નતિજા યે નિકલા કે હમ અપને અંદર હી મર ગયે**